# મોડાસામાં જનાદેશ મહાસંમેલન રેલી યોજાઈ

## કોંગ્રેસ કે ભાજપમાં જઈએ સરકાર આપણી હશેનો અલ્પેશ ઠાકોરનો હુંકાર : પાસ સમિતિ, અનુસૂચિત જાતિ અને ઓબીસી એકતા મંચ તથા આદિવાસી સમાજના યુવાનો દ્વારા સ્વાગત કરાયું

મોડાસા, તા. ૧૮

આગામી વિધાનસભાની ચૂંટણીમાં ક્ષત્રિય ઠાકોર સેના તેમજ ઓબીસી એસ.સી., સેના દ્વારા ભવ્ય બાઈક રેલી અલ્પેશ ઠાકોરની ઉપસ્થિતિમાં મોડાસામાં યોજી હતી. અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના ઉપસ્થિત રહેવા હાકલ કરી હતી. અલ્પેશ ઠાકોરે ઉપસ્થિત યુવાનોને ૯ ઓક્ટોબરની સભાના સુત્ર આપ્યું હતું કે ડુંગળી, મરચુ, રોટલો લઈને



એસ.ટી. એકતા મંચની અવગણના ન થાય તે હેતુસર ૯ ઓક્ટોબરના રોજ વિશાળ સંમેલનનું ગાંધીનગર ખાતે આયોજન કરાયું છે ત્યારે આ સંમેલનને સફળ બનાવવા માટે મોડાસા ખાતે કોલેજના ભામાશા હોલમાં જનાદેશ સંમેલન રવિવારે યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં ઠાકોર યુવાનો, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં અલ્પેશ ઠાકોર ઉપસ્થિત રહી હોદ્દેદારો, યુવાનોને સંબોધન કર્યુ હતું. અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર પ્રમુખ સંજયજી ઠાકોર અને તેમની ટીમ દ્વારા કરાયેલ આયોજનમાં ભારે જનમેદની ઉમટી પડી હતી.



### સંમેલનમાં અલ્પેશ ઠાકોરે વચન લીધુ

અલ્પેશ ઠાકોરના વિરોધીઓ દ્વારા સોશિયલ મિડીયામાં તેમના વિરુદ્ધ કરાતી ટિપ્પણીઓને લઈ સંમેલનમાં વચન લીધું હતું કે જે દિવસે હું વેચાઈ જાઉં તે દિવસથી ઠાકોરનો દિકરો નહી. આ વચનને સંમેલનમાં ઉપસ્થિત યુવાનોએ તાળીઓથી વધાવી લીધું હતું.

અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે સાતેક વર્ષ સંઘર્ષ કર્યો છે. હવે આપણો સમાજ આવ્યો છે. ઠાકોર સમાજ તેમજ એસ.સી., એસ.ટી.,ઓબીસી એક થઈ પોતાની સરકાર બનાવવા હાકલ કરી હતી. વધુમાં જણાવ્યું હતું કે ઠાકોર સમાજના ૭૦ ટકા યુવાનો દારૂ બંધ કર્યો છે. ઠાકોર સેનાએ સમાજ સેવાના કામ કર્યા છે. ત્યારે આગામી વિધાનસભા ચૂંટણીમાં રાજકીય પક્ષોને આપણી તાકાતનો પરચો બતાવવા ૯ ઓકટોબરે ગાંધીનગરમાં બહુ જ મોટી સંખ્યામાં આવજો પણ સરકાર આપણી બનાવજો. જેથી ઉપસ્થિત લોકોએ તેના સુત્રને તાળીઓથી વધાવી લીધું હતું.

૯ ઓક્ટોબરે રાજ્યભરમાંથી સમાજના લોકોને સહ પરિવાર ઉપસ્થિત રહેવા હાકલ કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતે યોજાનાર સભામાં ૫ લાખથી વધુ સમાજના લોકો ઉપસ્થિત રહેનાર છે.

૯ ઓક્ટોબર પહેલા પાટણમાં ૨૪ સપ્ટેમ્બરે સંમેલન યોજાનાર હોઈ આ સંમેલનમાં પણ અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા અને પાટણમાંથી ૧ લાખથી વધુ લોકોને ઉપસ્થિત રહેવા હોદ્દેદારોને સૂચન કર્યુ હતું.

# દિયોદરના સાત ગામોના રહીશો રોડ પહોળો કરાવવા માટે આંદોલનના માર્ગે

## બીજી ઓક્ટોમ્બરથી આમરણાંત ઉપવાસ; દેશી ઢોલના તાલે 'વિકાસ'ના ગરબા કરવાની ચિમકી

દિયોદર, તા. ૧૮

ભારત દેશને બુલેટ યુગમાં લઈ જવાની કવાયત વચ્ચે દિયોદરના સાત ગામોના લોકો તેમની વિકાસભૂખ સંતોષવા માટે જ ભૂખહડતાલનો આશરો લેવા મજબુર બન્યા છે. દિયોદર તાલુકાના ડુચકવાડા ગામથી ગાંગોલ, ઓઢા, સરદારપુરા, જસાલી અને નવાપુરા થઈ ખીમાણા નેશનલ હાઈવેને જોડતો રોડ ખૂબ સાંકડો હોઈ અકસ્માતોની ઘટનાઓ રોજિંદી બની ગઈ છે. આ રોડને પહોળો કરવા પાંચ વર્ષથી લડત ચલાવાઈ રહી છે. પરંતુ રાજ્ય સરકાર આ માંગણીને કાને ધરતી નથી. જેથી આ સાત ગામોના રહીશો આંદોલનનું શસ્ત્ર ઉગામવવા મજબુર બન્યા છે.



સૂચિત સાત ગામ રોડ સંઘર્ષ સમિતિના નેજા હેઠળ આ સાત ગામોના રહીશોએ આજે સામુહિક રીતે દિયોદરની નાયબ કલેકટર કચેરીમાં ધસી જઈ આ રોડને પહોળો કરવાની પાંચ વર્ષથી રઝળતી દરખાસ્ત મંજુર કરવાની માંગણી સાથે દિયોદરના નાયબ કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. આ મામલે દસ દિવસમાં કોઈ હકારાત્મક કાર્યવાહી ના થાય તો આગામી બીજી ઓક્ટોમ્બર, ગાંધી જયંતીના દિવસથી દિયોદરની એસડીએમ કચેરીમાં આમરણાંત ઉપવાસ આંદોલન છેડી ધોળા દિવસે દેશી ઢોલના તાલે 'વિકાસ'ના ગરબા કરવા અને જરૂર પડ્યે વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી પણ સાત ગામોના અરજદારોએ ઉચ્ચારી છે ત્યારે આ સાત ગામોનું આંદોલન આગામી દીવસોમા ગરમાવો સર્જે તેવી શક્યતાઓને નકારી શકાતી નથી ત્યારે રાજ્ય સરકાર પણ હકારાત્મક અભિગમ આપનાવી આ ન્યાયી માંગણીનો ઉકેલ લાવે તે ઈચ્છનીય છે.

# તલોદ શહેરમાં રેલવે લાઈન નીચે અંડર ગ્રાઉન્ડ રસ્તો મુકવા માંગ

## તંત્ર દ્વારા અંડરગ્રાઉન્ડ રસ્તો મુકવા મુદ્દે રેલવેમાં રજુઆત

તલોદ, તા. ૧૮

તલોદ નગરપાલિકા વિસ્તાર વોર્ડ નં. ૩ સર્વે નં. ૨૫૯ પૈકીની બિન ખેતી થયેલ જમીનમાં પ્રજાપતિ કેળવણી મંડળ સંચાલિત પ્રજાપતિ છાત્રાલય આવેલ છે. જેમાં તમામ જાતિના બાળકો આ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. છાત્રાલયની બાજુમાં અંદાજે ૨૦ થી ૨૫ જેટલા બક્ષીપંચ પછાત જાતિના કુટુંબ પરિવારો રહે છે.

જેઓના અવરજવર માટે અગાઉ આ વિસ્તારમાં રેલવે દ્વારા મુકવામાં આવેલા ફાટક નં. ૫૨ થી આ વિસ્તારનો અવર-જવરનો રસ્તો હતો હવે અમદાવાદ-ઉદેપુર રેલવે લાઈનનું બ્રોડગેજમાં રૂપાંતર થઈ રહ્યું છે. ત્યારે આ ફાટક નં. ૫૨ બંધ કરવામાં આવે તો આ વિસ્તારના રહિશોને તેમજ છાત્રોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડે તેમ છે. કારણ કે છાત્રાલયની પૂર્વ રેલવે લાઈન આવેલ છે જ્યારે ઉત્તર સર્વે નં. ૨૫૯માં રહેણાંક વિસ્તાર પૂરો થતાં જ ખેતીની જમીન આવેલ છે.

જેથી આ ફાટકના સ્થળેથી અવરજવરનો માર્ગ બંધ થઈ જાય તો આ વિસ્તારના છાત્રો તેમજ જનતાને બહાર નિકળવાનો બીજો કોઈ માર્ગ રહેતો ન હોઈ આ વિસ્તારનો અવરજવરનો પાકો માર્ગ અગાઉ જે સ્થળે ફાટક હતુ તે અંડરગ્રાઉન્ડ વ્યવસ્થા કરીને માર્ગ કાઢી આપવામાં આવે તો જ આ વિસ્તારનો બહાર નિકળવાનો પ્રશ્ન હલ થાય તેમ છે. આ વિસ્તારના રહિશો દ્વારા અવરજવર માટે પડતી મુશ્કેલીઓને લઈને તલોદ નગરપાલિકાને લેખિતમાં જાણ કરી જણાવેલ છે. અમો નગરપાલિકામાં માર્ગોનો વેરો ભરતા હોવા છતાં માર્ગની સુવિધાથી વંચિત રાખવામાં આવ્યા છે. આ અગાઉ પણ વારંવાર રજુઆત કરવામાં આવી છે. જો અમારા પ્રશ્નોનુ નિરાકરણ નહીં આવે તો આ વિસ્તારના રહીશો આગામી આવનાર વિધાનસભાની તથા નગરપાલિકાની ચૂંટણીમાં બહિષ્કાર કરશે તેવો એક શુર ઉઠ્યો છે.

# ધાનેરા તાલુકાના કુંવારલાં ગામની મહિલા ગ્રામ સેવક ૨૦ હજારની લાંચ લેતા રંગેહાથે ઝડપાઈ

પાલનપુર, તા. ૧૮

ધાનેરા તાલુકાના કુંવારલાં ગામની મહિલા ગ્રામ સેવક રૂપિયા ૨૦ હજારની લાંચ લેતા રંગેહાથે



ઝડપાઈ જતા અન્ય લાંચિયા અધિકારીઓમાં ભારે ફફડાટ મચી જવા પામ્યો છે. ત્યારે બનાસકાંઠા એસીબીએ મહિલા સહીત કોમ્પ્યુટર ઓપરેટરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા વિસ્તારમાં કુદરતે કરોડો રૂપિયાનો વિનાશ વેર્યો છે. વરસાદી પૂરને લઈ લોકો બેઘર બની ગયા છે. કોઈક લોકોએ ઘર ગુમાવ્યું તો કોઈકે પરિવાર. ગુજરાતની સરકાર ધ્વરા અસરગ્રસ્ત લોકો માટે કરોડો રૂપિયા ની સહાય જાહેર કરી પરંતુ તંત્ર ના કેટલાક લાંચિયા અધિકારી આવા સમયે પણ કટકી કરવાનું ચુકતા નથી, ત્યારે આજે એક મહિલાને લંચ લેતા બનાકાંઠા એસીબી એ રંગે હાથે ઝડપી પાડી છે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા તાલુકા ના કુંવારલાં ગામની કે જ્યાં ગ્રામસેવક તરીકે તરીકે લતાબેન ગોવિંદભાઈ પટેલ નામની મહિલા ફરજ બજાવે છે અને સરકાર તેમને પગાર પણ ચૂકવે છે પણ જાણે આ મહિલાનું સરકાર ના પગાર થી પેટ ન ભરાતું હોય તેવું લાગી રહ્યું છે અને કામ અર્થે આવતા લોકો પાસે ખુલ્લેઆમ પૈસા માંગે છે ત્યારે હમણાં તો જાને તેને સીઝન આવી હોય તેમ કામ ચાલી રહ્યું છે જે લોકો ખેતર ધોવાણ ના ફોર્મ લાઈ આ મહિલા પાસે જાય તેની પાસે ખુલ્લેઆમ પૈસા ની માગણી કરે છે અને જે પૈસા આપે તેનું કામ કરે અને પૈસા ન આપે તેને બહાર કાઢી મૂકતી હતી જેથી લોકો એ કંટાળી બનાસકાંઠા એસીબી જાણ કરતા બનાસકાંઠા એસીબી પીઆઈ કે જે પટેલે પોતાના સ્ટાફ સાથે ધાનેરા માં છટકું ગોઠવ્યું હતું અને આ મહિલા ગ્રામસેવક લોકો પાસેથી ૨૦૦૦૦ હજાર રોકડા લેતા રંગે



હાથે ઝડપી પાડી હતી અને તેની સાથે કોમ્પ્યુટર ઓપરેટર રમેશભાઈ મોહનભાઈ ચૌધરી ની ધરપકડ કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે ત્યારે અન્ય લાંચિયા અધિકારીઓ માં ભારે ફફડાટ મચી જવા પામ્યો છે ત્યારે લોકો માં મંગ ઉઠવા પામી છે કે જ્યાં સુધી ધાનેરા પુર સહાય ચૂકવાય ત્યાં સુધી એસીબી ધાનેરા માં નજર રાખે તો અન્ય કેટલાક લાંચિયા અધિકારી ઝડપાય તેવા એંધાણ દેખાઈ આવે છે.

# પાલનપુરમા જિલ્લા પંચાયત પૂર્વ ઉપપ્રમુખની આત્મહત્યાની કોશિશ

સમગ્ર ઘટનાની વિગત જોઈએ તો કાંકરેજ તાલુકાના માડલા ગામના મસાજી ઠાકોર કે જેઓ બનાસકાંઠા જિલ્લા પંચાયત ના ઉપ પ્રમુખ પદે રહી ચૂક્યા છે. જોકે મસાજી પોતાના ગામ માડલા મા ગોચર નું બિન અધિકૃત દબાણ હોઈ ઘણા સમયથી ગોચર ના આ દબાણ ને લઈ મસાજી ઠાકોર તાલુકા અને જિલ્લા પંચાયત ના ધક્કા ખાઈ રહ્યા હતા જોકે જિલ્લા પંચાયત નો વહીવટ કરી ચૂકેલા આ પ્રમુખ ની વાત પણ જિલ્લા પંચાયત ના કોઈ અધિકારી વાત કાને ધરતા આજે પાલનપુર જિલ્લા પંચાયત ખાતે ગોચર ના દબાણ ને લગતી રજુઆત કરવા આવેલા જિલ્લા પંચાયત ના પૂર્વ ઉપ પ્રમુખ મસાજી ઠાકોર ની વાત ન સાંભળતા લાગી આવ્યું હતું અને મનસૂબો કરીને આવેલા મસાજી ઠાકોરે જિલ્લા પંચાયત પ્રાંગણ મા જ જેર ગટ ગટાવી લેતા જિલ્લા પંચાયત ના અધિકારીઓ એ દોડાદોડ કરી મૂકી હતી જોકે ઘટના ની પોલીસ ને જાણ કરાતા પોલીસે પીડિત મસાજી ને સારવાર અર્થે સિવિલ માં ખસેડયા હતા જોકે જિલ્લા પંચાયત મા બનેલી ઘટના ને પગલે આરોગ્ય અધિકારી અને પાલનપુર ટી ડી ઓ સહિત ડી વાય એસ પી સહિત પોલીસ કાફલો સિવિલ દોડી આવ્યો હતો.

જિલ્લા પંચાયત ના પૂર્વ ઉપ પ્રમુખ મસાજી ઠાકોરે જિલ્લા પંચાયત મા ન્યાય ન મળતા જેરી દવા પી અંતિમ પગલું ભરવા નો વારો આવ્યો છે ત્યારે દબાણ ને લઈ લડત કરનાર અને જિલ્લા પંચાયત મા વહીવટ કરી ચૂકેલા આ પીડિત ને આપઘાત ની કોશિશ કરવાનો વારો આવતા જિલ્લા પંચાયત ના અધિકારીઓ ની બેદરકારી સામે આવી છે અને જિલ્લા પંચાયત મા કેવા પ્રકારનો વહીવટ થઈ રહ્યો છે તે એક પ્રકારે આ ઘટના એ જિલ્લા પંચાયત ની લાલિયાવડી સાબિત કરી છે.



### કાંકરેજ તાલુકાના આંગણવાડી-થળી-લક્ષ્મીપુરાના રોડ પર મસમોટા ગાબડા

ઉંદરાથી આંગણવાડી-થળી મોટા જામપુર-લક્ષ્મીપુરા સહિતના ડામર રોડ ઉપર મસ મોટા ગાબડા પડવાથી વાહનચાલકો અને રાહદારીઓ હેરાન-પરેશાન થઈ જવા પામ્યા છે. જો કે આ રોડ ઉપર ઓવરલોડ રેતી ભરીને અવરજવર કરતા ડંફરો રાતદિવસ દોડતા જ હોય છે. પરંતુ અહિંનું સ્થાનિક તંત્ર ઘોર નિંદ્રામાં પોઢી તમાશો જોઈ રહ્યું હોય તેવું લોકમુખે ચર્ચાના ચકડોળે ચડ્યું છે. ત્યારે આવા કેટલાય રોડ વરસાદમાં તુટી જતાં રોડ ખાતાના કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની પોલ ખુલ્લી પડી જવા પામી છે. પરંતુ આજ દિન સુધી આ રસ્તાઓનું મરામત કામ કરવામાં ન આવતા અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. ત્યારે હવે માર્ગ મકાન વિભાગ દ્વારા રોડની કામગીરી કરવામાં ક્યારે આવશે તે જોવું રહ્યું. લોકમુખે ચર્ચાનો વેધક સવાલ.

# મહેસાણા જિલ્લામાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશની ઉજવણી

મહેસાણા, તા. ૧૮

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૧૫ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર દરમિયાન સ્વચ્છતા હી સેવા ઝુંબેશની ઉજવણી થઈ રહી છે. સમ્રગ દેશમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૨ ઓક્ટોબર પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ઉજવણીનું આયોજન કરાયું છે. જેમાં જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયની ઉપયોગિતા અંગે લોકોની માનસિક વર્તણુંકમાં ફેરફાર લાવવા તથા ખુલ્લામાં શૌચ મુક્ત અંગેની સ્થિરતા જાળવવા માટે ઘન તેમજ પ્રવાહી કચરાનો નિકાલ વ્યવસ્થાપન માટે જનજાગૃતિ ઝુંબેશ હાથ ધરાઈ છે. જિલ્લામાં તમામ વિભાગની કચેરીઓના સંકલનથી તાલુકા, જિલ્લા અને ગ્રામ કક્ષાએ વિવિધ કાર્યક્રમો યોજાનાર છે. આ ઉપરાંત ઘન કચરાના નિકાલની કામગીરી સહિત ગ્રામ સભાઓનું આયોજન થનાર છે.

આ ઝુંબેશ યોજના અંતર્ગત નિગરાની સમિતિને કાર્યરત કરવી, શ્રમદાન, શૌચાલય સુવિધા, સ્વચ્છતા દર્પણ સહિતના વિવિધ કાર્યક્મો પણ યોજાનાર છે. આ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા રથ ડિજીટલ મોબાઈલ વાન ફેરવવાનું પણ આયોજન કરાયું છે.

# ભિલોડા મામલતદાર દ્વારા ઓવરલોડ રેતી, કપચી, માટી ભરેલી પાંચ ઓવરલોડ ટર્બો ટ્રકો ઝડપાઈ

ભિલોડા,તા.૧૮

ભિલોડા મામલતદાર ધ્વારા ઓવરલોડ રેતી, કપચી, માટી ભરેલી ૫ ઓવરલોડ ટર્બો ટ્રકો પાસ પરમીટ માંગતાં પાસ પરમીટથી વધુ ખનીજનો જથ્થો ઝડપાયો હતો.

ઓવરલોડ રેતી, કપચી, માટી ભરેલી ૫ ટર્બો ટ્રકોની યાદી ટર્બો ટ્રક ચાલકો રેતી, કપચી, માટી ભરેલી ઓવરલોડ ટર્બો ટ્રકોમાં કાયદાની ઐસી-તૈસી કરી આર.ટી.ઓ., ખાણ-ખનીજ



ઝડપાઈ દંડનીય કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. રેતી, કપચી, માટી, પથ્થરનો ધીકતો ધંધો કરતા બે નંબરીયા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડા મામલતદાર જી. કે. પટેલ, નાયબ મામલતદાર એન. એમ. ચૌધરી સહિત મામલતદાર કચેરી સ્ટાફના જણાવ્યા મુજબ રેતી, કપચી, માટી ભરેલી ૫ ટર્બો ટ્રકોની બાતમીના આધારે તપાસ હાથ ધરાઈ હતી.૫ ટર્બો ટ્રકોના ચાલકો પાસેથી નીચે મુજબ છે.

(૧) જી.જે.૩૧.ટી. ૬૦૫ ઓવરલોડ માટી ભરેલી ટર્બો ટ્રક (૨) જી.જે.૦૯.ઝેડ. ૯૯૯૩ ઓવરલોડ કપચી ભરેલી ટર્બો ટ્રક (૩) જી.જે.૨૩.એક્સ.૧૦૮૬ ઓવરલોડ કપચી ભરેલી ટર્બો ટ્રક (૪) જી.જે.૩૧.ટી. ૯૫૦૬ ઓવરલોડ રેતી ભરેલી ટર્બો ટ્રક (૫) જી.જે.૦૯. એ.વી. ૨૩૭૮ ઓવરલોડ કપચી ભરેલી ટર્બો ટ્રક

ભિલોડા તાલુકામાં માર્ગો ઉપર વિભાગના નિતી, નિયમો નેવે મુંકી બિનઅધિકૃત રીતે ખનીજની હેરાફેરી કરતાં મામલતદારએ લાલ આંખ કરતાં ૫ ટર્બો ટ્રકો ઓવરલોડ ખનીજ ભરેલી ઝડપાઈ હતી.ઓવરલોડ ૫ ટર્બો ટ્રકો રેતી, કપચી, માટી ભરેલી ઓવરલોડ ટર્બોટ્રકો મામલતદાર કચેરી કંપાઉન્ડમાં મુંકાઈ હતી. ભિલોડા મામલતદારએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દંડનીય પગલાં ભરતાં રેતી, કપચી, પથ્થર, માટીનો ધીકતો ધંધો કરતા સપ્લાયરોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

# બોલુન્દ્રા પ્રાથમિક શાળાનું ગૌરવ



ભિલોડા તાલુકાના બોલુન્દ્રા ગામની બોલુન્દ્રા પ્રાથમીક શાળાનું ગૌરવ વિદ્યાર્થીનીએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. જીલ્લા કક્ષાનો કલા મહોત્સવ-૨૦૧૭ કાર્યક્રમ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર ખાતે યોજાયો હતો. કલા મહોત્સવ ચિત્ર સ્પર્ધા ધોરણ-૧ થી ધોરણ-૫ વિભાગમાં બોલુન્દ્રા પ્રાથમીક શાળાની ધોરણ-૪ ની વિદ્યાર્થીની પ્રિયંકાબેન લાલજીભાઈ પગીએ તાલુકા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. જીલ્લા કક્ષા કલા મહોત્સવ-૨૦૧૭ સ્પર્ધામાં પ્રિયંકાબેન પગીએ દ્વીતીય નંબર પ્રાપ્ત કરી બોલુન્દ્રા પ્રાથમીક શાળા અને ભિલોડા તાલુકાનું ગૌરવ વધાર્યુ હતું. બોલુન્દ્રા પ્રાથમીક શાળા આચાર્ય ઈન્દ્રજીત એન. પંચાલ, સ્ટાફ પરીવાર, સરપંચ, ગ્રામજનો, એસ. એમ. સી. સભ્યોએ વિદ્યાર્થીનીને બિરદાવી હતી.વિદ્યાર્થીનીને મળેલ રોકડ રકમનો પુરસ્કાર, સ્વચ્છતા કીટ, ડ્રોઈંગ કીટ અર્પણ કરાઈ હતી.

# મોડાસા યુજીવીસીએલની બેદરકારી સામે ભારે રોષ

સાકરીયા, તા. ૧૮

મોડાસા નગરમાં યુજીવીસીએલ તંત્રની લાપરવાહીના કારણે ગઈકાલે સમીસાંજે વરસાદ પડ્યા પછી કેટલાક વિસ્તારમાં અંધારપટ છવાયો હતો. જે મોડી રાત સુધી રહેતા તે વિસ્તારના લોકો હેરાન પરેશાન થયા હતા. જે અંગે યુજીવીસીએલ ઓફિસે મોડી રાત્રે રજુઆત કરવા ઉમટી પડ્યા હતા.

મોડાસાનુ યુજીવીસીએલ તંત્ર યેનકેન પ્રકારે ચર્ચાના એરણે રહે છે. ગઈકાલે સમી સાંજે વરસાદ પડ્યા પછી વીજળી ડૂલ થઈ ગયેલ હતી. જે પછી ક્રમશઃ અમુક વિસ્તારોમાં પાવર ચાલુ કરાતા વિજળી આવી ગઈ હતી. ચોમાસા પહેલા મેન્ટેનન્સના બહાના હેઠળ વીજળી બંધ કરી દેવાય છે. આમ છતાં તંત્ર દ્વારા નબળી કામગીરીના પુરાવારૂપે વરસાદ પડતાં કલાકો સુધી લાઈટ ડૂલ થઈ જતી હોય છે.

આમાંય ખાસ મોડાસાના હાર્દસમા ચાર રસ્તા પોલીસ ચોકીથી ટાઉન પોલીસ ચોકી અને હોટલ પૂર્ણિમાનો વિસ્તાર અને ત્યાં સામે આવેલા નવજીવન ચોકમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદ પછી તરત જ વીજળી ગુલ થઈ જાય છે. જે કલાકો સુધી બંધ રહે છે. ગઈકાલે સમીસાંજે વરસાદ પછી વીજળી ડૂલ થઈ જતાં મોડી રાત સુધી લાઈટ ન આવતાં ત્યાંના રહીશો દ્વારા યુજીવીસીએલની ઓફીસે હલ્લો બોલાવતા ટાઉન એન્જીનીયર દ્વારા લોકોને આશ્વાસન આપી રવાના કરી દેવાયા હતા.